भा.कृ.अनु.प.-केन्द्रीय बागवानी परीक्षण केन्द्र,
गोधरा-बडौदा हाईवे, वेजलपुर (गोधरा)-389340 (गुजरात)
**Phone: Head of Station-02676-234657, 234077 (O), Asstt. Adm. Officer-**

## જાહેર નિવિદા નં 02/2026

### ચીકુના  ઊભા પાકની હરાજી માટે સીલબંધ કવરમાં ભાવ/ઓફરનું આમંત્રણ

આથી નીચે સહી કરનાર દ્વારા કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ના બ્લોક નં. 1, 3 અને 4 માં આવેલા ચીકુના (360 ઝાડ) ઊભા પાકની હરાજી માટે તારીખ **02/03/2026** ને **સોમવારના** રોજ બપોરે 02.00 કલાક સુધીમાં સીલબંધ કવરમાં ભાવ આમંત્રીત કરવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી દરેક વ્યકિતઓ/પાર્ટીઓએ હેડ, કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્ર, ગોધરા-વડોદરા હાઈવે, વેજલપુર-389340 ને સંબોધિત માત્ર સીલબંધ કવરમાં ચીકુના ઊભા પાકના ભાવ દર્શાવીને અનામતની રકમ પેટે **રૂ.4200/-** (રૂપિયા ચાર હજાર બસો પૂરા) નો ડિમાન્ડ ડ્રાફ્ટ **"સી.એચ.ઇ.એસ., વેજલપુર"** ના નામનો સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, વેજલપુર (બેન્ક કોડ નં.13025) સંલગ્ન કરવાનો રહેશે. સી.એચ.ઇ.એસ., વેજલપુરના કાર્યાલય પર મુકેલ ટેન્ડર બોક્ષમાં તારીખ **02/03/2026** ના રોજ **02.00** કલાક સુધીમાં પ્રસ્તુત કરવાના રહેશે. અનામત રાશિ નહી પ્રસ્તુત કરવાની સ્થિતિમાં સીલબંધ કવરના ભાવ સ્વીકારવામાં આવશે નહી. પ્રાપ્ત થયેલ સીલબંધ કવર તે જ દિવસે 02.30 કલાકે હરાજીના સમયે ઉપસ્થિત વ્યકિતઓ/પાર્ટીઓ સમક્ષ ખોલવામાં આવશે. રસ ધરાવતી વ્યકિતઓ/પાર્ટીઓ ચીકુના પાકનું નિરીક્ષણ ઓફિસના કામકાજના દિવસો દરમ્યાન સવારના 10.00 થી સાંજના 04.00 કલાક સુધીમાં કરી શકશે. ચીકુનો પાક "જે છે તે આ જ છે" ના ધોરણે હરાજી કરવામાં આવશે. સીલબંધ કવરમાં જેની રકમ વધારે હશે, તે હરાજીમાં સફળ થશે તથા ચીકુના પાકની તમામ જવાબદારી સફળ થયેલ વ્યકિત/પાર્ટીની રહેશે. હરાજીમાં ભાગ લેવા ઇચ્છતી વ્યકિત/પાર્ટી પાન નંબર ધરાવતી હોવી જોઈએ તથા તેની ઝેરોક્ષ કોપી સીલબંધ કવરમાં મૂકવાની રહેશે. પાન નંબર ન ધરાવતી વ્યકિત/પાર્ટી સીલબંધ કવર રજૂ કરી શકશે નહી. હરાજીમાં સફળ થયેલ વ્યકિત/પાર્ટીએ હરાજીની કુલ રકમના 33 ટકા રકમ હરાજીના દિવસે સ્થળ પર રોકડમાં જમા કરાવવાની રહેશે. બાકીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ બે દિવસમાં ઓફિસમાં જમા કરાવવાનો રહેશે. ચીકુના પાકને ઝાડ પરથી ઉતારતી વખતે ઝાડ, ડાળીઓ તથા કેન્દ્રની સંપતિને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવાનું રહેશે. નુકશાન પહોંચશે તો તેનું પણ વળતર લેવામાં આવશે. હરાજીમાં અસફળ થયેલ વ્યકિતઓ/પાર્ટીઓને અનામતની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ સાત દિવસમાં પરત કરવામાં આવશે. અન્ય શરતો હરાજીના સમયે સંભળાવવામાં આવશે. કોઈપણ કારણસર સીલબંધ કવરના ભાવ સ્વીકારવા કે નહી તેના તમામ હક્કો નીચે સહી કરનારને આધીન રહેશે, જે દરેક વ્યકિતઓ/પાર્ટીઓને બંધનકર્તા રહેશે.

प्र. प्रधान
કે.બા.પ.કે., વેજલપુર